તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૭ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૫૫ | ૨૬ નવેમ્બર, ૨૦૧૬, શનિવાર ; કારતક વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
17

# હવે સોનાને ટાર્ગેટ બનાવવાની હિલચાલ

## સોનાની આયાત ઉપર અંકુશ મુકવામાં આવી શકે છે તેવી દહેશતથી જ્વેલર્સ દ્વારા આડેધડ ખરીદી બાદ તૈયારી : ભારત બીજુ સૌથી મોટુ ખરીદદાર દેશ



નવી દિલ્હી,તા. ૨૫

બ્લેકમની પર અંકુશ મુકવાના હેતુસર રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે આગામી ટાર્ગેટ શું ધરાવે છે તેને લઈને ચર્ચા છે ત્યારે એવું જાણવા મળી રહ્યું છે કે બ્લેકમની પર પ્રહાર કરવાના હેતુસર સોના ઉપર હવે મોદી નજર કેન્દ્રિત કરશે. મોદીના આગામી નિશાન તરીકે સોનુ રહેશે. આ સંબંધમાં શુક્રવારના દિવસે જારી કરવામાં આવેલા રિપોર્ટમાં આની શંકા વ્યક્ત કરવામાં આવી છે. જોકે નાણા મંત્રાલયે આ સંદર્ભમાં કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કરી દીધો છે. ગયા સપ્તાહમાં સોનાની કિંમત બે વર્ષની સૌથી ઉંચી સપાટી ઉપર પહોંચી ગઈ હતી. કારણ કે જ્વેલરોએ આ ડરથી સોનામાં ભંડાર વધારવાની શરૂઆત કરી હતી કે મોદી સરકાર સ્થાનિક બ્લેકમનીની સામે લડાઈમાં નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સોનાની આયાત ઉપર પ્રતિબંધ મુકી દેશે. ભારત દુનિયાના બીજા સૌથી મોટા સોનાના ખરીદદાર દેશ તરીકે છે. મુલ્યાંકન મુજબ ભારતમાં વાર્ષિક ૧૦૦૦ ટનની માંગ પૈકી એક તૃતિયાંશ માંગ માટે પેમેન્ટ બ્લેક મનીથી કરવામાં આવે છે. બ્લેકમની નાગરિકોની એ સંપત્તિ છે જેને સરકારની નજરથી બચાવીને ટેક્સની

● અનુસંધાન પાન-૭ પર

# સત્રના આઠમા દિવસે પણ બન્ને ગૃહોમા ધાંધલ-ધમાલ

નવી દિલ્હી,તા. ૨૫

સંસદના શિયાળુ સત્રના આજે આઠમા દિવસે પણ ભારે ધાંધલ ધમાલ જારી રહી હતી. કામગીરી શરૂ થતાની સાથે જ આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર શરૂ થઈ ગયો હતો. નોટબંધીનો વિરોધ કરનાર લોકોની તકલીફ એ છે કે તેમને તૈયારીની તક મળી ન હતી તેવા વડાપ્રધાનના નિવેદનને લઈને ગૃહોમાં હોબાળો થયો હતો. વિરોધ પક્ષોએ આ નિવેદન બદલ માંફી માંગવા વડાપ્રધાનને કહ્યુહતુ. રાજ્યસભા અને લોકસભા બન્નેમાં હોબાળો રહ્યો હતો.

ગૃહમાં વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદે કહ્યુ હતુ કે મોદીએ સવારમાં પુસ્તક લોંચના કાર્યક્રમ વેળા જે નિવેદન કર્યુ છે તે બદલ મોદીએ માફી માંગવી જોઈએ. આઝાદે કહ્યુ હતુ કે મોદી ગૃહમાં હાજર રહેશે ત્યારે જ ચર્ચા કરવામાં આવનાર છે. બસપના નેતા માયાવતીએ કહ્યુ હતુ કે મોદી ગૃહની અંદર નહી બહાર નિવેદન કરી રહ્યા છે. જેડીયુના નેતા શરદ યાદવે કહ્યુહતુ કે મોદી વિપક્ષને કાળા નાણાં ધરાવનાર લોકો તરીકે ગણાવી રહ્યા છે. આ ખુબ જ શરમજનક આરોપ છે.

# દેશમાં જનધન ખાતાઓમાં ૬૪૨૫૨.૧૫ કરોડ જમા

## ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ૧૦,૬૭૦.૬૨ કરોડ જમા : પશ્ચિમ બંગાળ અને રાજસ્થાન ક્રમશઃ બીજા અને ત્રીજા સ્થાન ઉપર

નવી દિલ્હી,તા. ૨૫

જનધન ખાતાઓમાં કુલ જમા રકમનો આંકડો હવે ૬૪,૨૫૨.૧૫ કરોડ સુધી પહોંચી ગયો છે. ઉત્તરપ્રદેશ આ ચાર્ટમાં પ્રથમ ક્રમાંક ઉપર છે. ઉત્તરપ્રદેશમાં જનધન ખાતાઓમાં ૧૦,૬૭૦.૬૨ કરોડ રૂપિયાની રકમ જમા કરવામાં આવી ચુકી છે. માહિતી આપતા સરકારે આજે કહ્યું હતું કે પશ્ચિમ બંગાળ ત્યારબાદ નંબર અને રાજસ્થાન ધરાવે છે. કેન્દ્ર સરકારે ભારપૂર્વક કહ્યું છે કે કોઈપણ જાહેર ક્ષેત્રની બેંકોને જનધન ખાતાઓમાં જીરો બેલેન્સને ટાળવા માટે એક અથવા બે રૂપિયા જમા કરવા તેમના અધિકારીઓને સૂચન કરવામાં આવ્યા નથી. ૧૬મી નવેમ્બર સુધીના આંકડા દર્શાવે છે કે જનધન ખાતાઓમાં જંગી રકમ જમા કરવામાં આવી ચુકી છે. પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ દેશભરમાં હવે ૬૪,૨૫૨.૧૫ કરોડની રકમ જમા થઈ ચુકી છે. લોકસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં નાણા રાજ્ય મંત્રી સંતોષકુમાર ગંગવારે આજે આ મુજબની માહીતી આપી હતી. ઉત્તરપ્રદેશમાં જનધન ખાતા ધરાવનારાઓની સંખ્યા ૩.૭૯ કરોડની આસપાસની છે. જેથી સૌથી જંગી રકમ અહીં જમા કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં ૧૦,૬૭૦.૬૨ કરોડ રૂપિયા જમા કરવામાં આવી ચુક્યા છે. બંગાળમાં ૨.૪૪ કરોડ ખાતા છે અને ૭૮૨૬.૪૪ કરોડની રકમ જમા થઈ છે. રાજસ્થાન ત્રીજા સ્થાને છે. અહીં ૧.૮૯ કરોડ ખાતા છે અને જમા થયેલી રકમનો આંકડો ૫૩૪૫.૫૭ કરોડ છે.

# બિનહિસાબી આવક પર ૫૦ ટકા ટેક્ષની સંભાવના

## બિનહિસાબી સંપત્તિવાળાઓ માટે ટૂંકમાં જ સ્કીમ : ચાર વર્ષ સુધી પોતાની સંપત્તિને બિનહિસાબી આવક ધરાવનાર લોકોને ભુલી જવી પડશે

નવી દિલ્હી, તા. ૨૫

નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ બેંકોમાં મોટા પ્રમાણમાં બિનહિસાબી રકમ જમા કરનાર લોકો માટે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં સરકાર ફરી એકવાર ડિસ્કલોઝર સ્કીમ લોન્ચ કરી શકે છે. આ યોજના હેઠળ બિનહિસાબી આવક ધરાવનાર લોકોની રકમ પર ૫૦ ટકા સુધી ટેક્સ લાગશે અને તેમને પોતાની રકમને ચાર વર્ષ સુધી ભુલી જવી પડશે. આ સ્કીમ ને ન માનનાર લોકો પર ૯૦ ટકાથી વધુ સુધીનો દંડ લાગુ કરવામાં આવી શકે છે. આ ઉપરાંત આગામી સપ્તાહમાં કેન્દ્ર સરકાર ઈન્કમ ટેક્સ એક્ટમાં સુધારા પણ કરી શકે છે. કેન્દ્ર સરકારની આ યોજના કેબિનેટની તરફથી ટેક્સ કાયદાને મંજુર કરવામાં આવ્યાના એક દિવસ બાદ આવી છે. અત્રે નોંધનિય છે કે દેશભરમાં આઠમી નવેમ્બરના દિવસે રૂપિયા ૧૦૦૦ અને ૫૦૦ની નોટ પ્રતિબંધ મુકવાની જાહેરાત કરવામાં આવી હતી. નોટ બંધીના આ નિર્ણય બાદ વિપક્ષ મોદી સરકાર ઉપર સતત પ્રહાર કરી રહી છે. લોકોને ઘણી તકલીફ થઈ રહી છે તેવી વાત કરીને આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. શુક્રવારના દિવસે બંધારણ દિવસના પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ભ્રષ્ટાચારીઓને વધુ એક તક મળે તે યોગ્ય નથી. ભ્રષ્ટાચારીઓને તક મળી નથી જેથી તેઓ નારાજ છે. ભ્રષ્ટાચારની સામે દેશ એક મોટી લડાઈ લડવામાં વ્યસ્ત છે. દેશના સામાન્ય નાગરિકો આમાં જવાન તરીકેની ભૂમિકામાં છે. સરકારના આ નિર્ણયની ખૂબ ઓછી ટીકા થઈ રહી છે પરંતુ કેટલાક લોકો કહી રહ્યા છે કે સરકારની તૈયારી ન હતી. હકીકતમાં એવા લોકોને દુઃખ આ બાબતનું છે કે સરકારે કોઈને પણ તૈયારી કરવાની તક આપી ન હતી. બિનહિસાબી રકમ ધરાવનાર લોકો માટે સરકાર એક નવી સ્કીમ લાવી શકે છે અને વધુ એક તક આપવામાં આવી શકે છે તેવી ચર્ચા સામાન્ય લોકોમાં જોવા મળી રહી છે.

# વિરોધીઓને 'સમય' મળ્યો નથી : મોદી

## વિરોધ કરતા રાજકીય પક્ષો ઉપર આકરા પ્રહારો : પુસ્તક વિમોચનના કાર્યક્રમમાં ભારતમાં હવે ડિઝીટલ કરન્સીને પ્રોત્સાહન આપવાનો સમય આવ્યો હોવાનો દાવો કર્યો : ટેકનોલોજીનો ઉપયોગ જરૂરી

નવી દિલ્હી,તા. ૨૫

નોટબંધીના સતત થઈ રહેલા વિરોધ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોતાના ખાસ અંદાજમાં વિરોધ પક્ષોની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યુ હતુ કે વિરોધ કરનાર લોકોને વધારે તક મળી ન



હતી. તેમણે કહ્યુ હતુ કે કેટલાક લોકો નોટબંધીનો એમ કહીને વિરોધ કરી રહ્યા છે કે સરકારે આના માટે તૈયારી કરી ન હતી. જ્યારે આવા લોકોની તકલીફ એ છે કે તેમને તૈયારી કરવા માટે કોઈ સમય મળ્યો ન હતો. મોદીએ આ તમામ વાતો સંસદીય એનેક્સી ઈમારતમાં ભારત કા સંવિધાન પુસ્તકના વિમોચન પ્રસંગે કરી હતી. તેમણે કહ્યુ હતુ કે હવે સમય આવી ગયો છે કે ભારતમાં ડિજીટલ કરેન્સીને પ્રોત્સાહન આપવામાં આવે. પોતાના સંબોધનમાં વડાપ્રધાને કહ્યુ હતુ કે ભ્રષ્ટાચારની સામે દેશ એક મોટી લડાઈ લડી રહ્યુ છે. સરકારના નિર્ણયની ઓછી ટિકાથઈ રહી છે. જે કેટલાક લોકો ટિકા કરી રહ્યા છે તે કહી રહ્યા છે કે સરકારે તૈયારી કરી ન હતી. આવા લોકોની પિડા એ છે કે સરકારે કોઈને તૈયારી કરવાની તક જ આપી ન હતી. ૭૨ કલાક પણ તૈયારીના મળ્યા હોત તો આ જ લોકો કહેતા કે શુ નિર્ણય છે અને મોદી જેવા કોઈ નથી. મોદીએ દેશમાં ડિજીટલ કરેન્સ,ીના ઉપયોગની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે દરેક વ્યક્તિના પોતાના પૈસા પર અધિકાર છે પરંતુ આ જરૂરી નથી કે દરેક વખતે રૂપિયા હાથમાં જ રહે. મોબાઈલથી પણ પૈસા જમા કરાવી શકાય છે. તેમણે કહ્યુ હતુ કે દેશના ઉજ્વળ ભવિષ્યની આશા રાખતા લોકો માને છે કે મુશ્કેલીને દુર કરવા માટે મદદ કરવામાં આવે.


## Ayushi Creations
(Placement Services & Consultant)

We are looking for following personals for our principals required immediately.

1. Office Assistant : 75 post in various Organisations. (commerce Graduate) (Sound knowledge of Computer and Internet.) **(Salary Rs. 2.40 p.a.)**
2. Branch Managers : 20 Post in Ahmedabad, Gandhinagar, Baroda (Graduate in any faculty having minimum two years experience. Fresher can also apply. **Salary Rs. 3.60 p.a. + other perks.**
3. Mechanical Engineers Electrical/Automobile : 127 Posts. Minimum two years experience. Freshers can also apply. **Salary Rs. 4.50 p.a. + other perks.**
4. Mechanical Engineers Diploma & Degree, Electrical / Automobile : For Off-shore requirement (130 Posts) **Salary Rs. 3.50 p.a. + perks**
5. Clerks : 210 Posts. 10th, 12th Pass or any graduate, **Rs. 1.60 lacs to 2.00 lasc p.a.**
6. Security Guards : 350 Posts (Rs. 2.40 p.a. + perks • 8 Hrs Duty) (Ahmedabad, Gandhinagar, Baroda, Bharuch, Ankleshwar) Preference will be given to local candidates)
7. Security Officers : 28 Posts **(Rs. 3.00 lacs per annum + perks)**
8. Data Entry Operators : 150 Posts **Rs. 3.00 lacs per annum**
9. B.E.Computer Engineers : 245 Posts **(Rs. 45.50 lacs take away salary) + perks.**

Please apply within 15 days to
**Box No. 1001, Gandhinagar Samachar**
Sector No. 8, Gandhinagar-382 011.
Rs. 500.00 Crossed cheque in the name of Ayushi Creation, towards prescribed application form, Postal and other charges like Registration etc.
Mobile Bo. 9687216180



On the Occasion of MARRIAGE,
Hastashilpi presents pure & probable silk at
હસ્તશિલ્પી
સિલ્કઇન્ડિયા™ 2016
Last 2 Days Only
Exhibition cum sale of pure silk products across the country
Be taught about India's dazzling pure and probable silks of Tassar, Eri, Mulberry & Muga Silk products, showcase purest silk goods by endorsed Silk Retailers, Manufacturers and Exporters of India.
Fortune Inn Haveli Imperial Hall
(Above Radhe Sweets), Sector - 11, Gandhinagar
From 18th to 27th Nov. 2016
Time 10.30 am to 8.30 pm

પ્રદર્શિત થનારા ઉત્પાદનો :
બિહાર : ઓર્ગેનિક ટેસારી સિલ્ક સાડીઓ, સૂટ અને સ્ટોલ્સ,
કર્ણાટક : ક્રિપ સિલ્ક, જોર્જિયેટ સિલ્ક, એરિની સિલ્ક અને પ્રિન્ટેડ સાડીઓ,
તામિલનાડુ : કાંજિવરમ્ સિલ્ક સાડીઓ અને ડિઝાઇનર ફેન્સી સાડીઓ,
આંધ્ર પ્રદેશ : ધર્મવરા, ઉપ્પડા, ગઢવાલ, મંગલગીરી અને પોચમપલ્લી સાડીઓ,
ઉત્તર પ્રદેશ : મલબારી સિલ્ક, જામદની, જામવર સિલ્ક સાડીઓ અને શિફોન સિલ્ક,
મહારાષ્ટ્ર : ડિઝાઇનર ડ્રેસ મટિરીયલ્સ,
પંજાબ : પટિયાલા ડ્રેસ મટિરીયલ્સ,
ઓરિસ્સા : સંબલપુરી, ઇક્કત, બોમકાઈ સાડીઓ, હેન્ડલૂમ સિલ્ક કોટન,
છત્તીસગઢ : વિશિષ્ટ રૉ સિલ્ક સાડીઓ, કોસા સિલ્ક, ટેસ્સાર સૂટ અને દુપટ્ટા,
મધ્ય પ્રદેશ : મહેશ્વરી, ચંદેરી સિલ્ક સાડીઓ અને સૂટ,
પશ્ચિમ બંગાળ : બાલુચરી, ઢાકા મસલી, ગિચા સાડીઓ, બૂટિક સાડીઓ, કન્થા સાડીઓ, ઝરદોશી,
આસામ : મુગા અને એરી સિલ્ક સાડીઓ,
જમ્મુ-કાશ્મીર : ચનોન સિલ્ક, ટેબી સિલ્ક પ્રિન્ટેડ સાડીઓ, પશ્મીના શાલ અને સૂટ,
રાજસ્થાન : કોટા સિલ્ક, હેન્ડ બ્લૉક પ્રિન્ટ ડ્રેસ અને સાડી,
ગુજરાત : બાંધણી ડ્રેસ અને કૂર્તા અને બીજું ઘણું બધું...



Exclusive Wedding Collections
All Credit & Debit Cards Accepted
Contact : +91 - 85534 16929 | +91 - 97560 25995
Organised by : hastashilpi



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225



VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651